# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ, સુરત- ૩૯૫૦૦૧

:-૦૨૬૧-૨૬૬૨૯૦૩ :-suratdeo@gmail.com

web :-www.suratdeo.org


ક્રમાંક: મા-૫/નમો લક્ષ્મી/નમો સરસ્વતી/૨૦૨૬/7358 તા.03/૦૬/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

તમામ અનુદાનિત, બિનઅનુદાનિત, સરકારી તથા સ્વનિર્ભર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,

જિલ્લો-સુરત

વિષય:- નમો લક્ષ્મી યોજના તથા નમો સરસ્વતી યોજના અંતર્ગત ધોરણ-10 અને ધોરણ-12 ના વિદ્યાર્થીઓના Student Identity Number (SID No.) ની એન્ટ્રી સમયમર્યાદામાં પૂર્ણ કરવા બાબત.

સંદર્ભ:- કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના તા.૦૨/૦૬/૨૦૨૬ ના પત્રાંક: ધ/માધ્ય/યોજના-૧ અને પોર્ટલ/૨૦૨૬/૪૨૬૪-૯૮.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકારશ્રી દ્વારા અમલમાં મુકાયેલ નમો લક્ષ્મી યોજના તથા નમો સરસ્વતી યોજના હેઠળ ધોરણ-10 અને ધોરણ-12 ના પાત્ર વિદ્યાર્થીઓને સહાયનો લાભ આપવામાં આવે છે. આ માટે વિદ્યાર્થીઓના Student Identity Number (SID No.) ની વિગતો પોર્ટલ પર ફરજિયાત રીતે દાખલ કરવાની રહે છે. કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર દ્વારા સૂચના આપવામાં આવેલ છે કે ધોરણ-10 અને ધોરણ-12 ના તમામ વિદ્યાર્થીઓની SID No. સંબંધિત માહિતીની એન્ટ્રી તા. 07/06/2026 સુધીમાં પૂર્ણ કરવામાં આવે. આથી જિલ્લાની તમામ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને સૂચના આપવામાં આવે છે કે તેઓ પોતાની શાળાના ધોરણ-10 અને ધોરણ-12 ના તમામ વિદ્યાર્થીઓની વિગતો ચકાસી, SID No. ની એન્ટ્રી નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરે તથા કોઈપણ વિદ્યાર્થીની વિગતો બાકી ન રહે તેની ખાસ કાળજી રાખવી.

ખાસ નોંધ :-

1. તમામ વિદ્યાર્થીઓની વિગતો ચકાસણીપૂર્વક અને ચોકસાઈથી દાખલ કરવી.
2. નિર્ધારિત સમયમર્યાદા બાદ બાકી રહેલી એન્ટ્રીઓ અંગેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત શાળાના આચાર્યશ્રીની રહેશે.
3. યોજનાના લાભથી કોઈપણ પાત્ર વિદ્યાર્થી વંચિત ન રહે તેની તકેદારી રાખવી.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લો-સુરત

ક્રમાંક: ધ/માધ્ય/યોજના-૧ અને પોર્ટલ/૨૦૨૬/ ૪૨૬૪-૯૮

કમિશનર શાળાઓની કચેરી,
બીજો માળ, પુનિત વનની સામે,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર,
સેક્ટર – ૧૯, ગાંધીનગર
તા. ૦૨/૦૬/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષય: નમો લક્ષ્મી યોજના અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત Student Identity Number (SID No.) ડેટા એન્ટ્રી કામગીરી પૂર્ણ કરવા બાબત.

ઉપર્યુક્ત વિષયે જણાવવાનુ કે, ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ નું બોર્ડનું પરિણામ તાજેતરમાં જાહેર થયેલ છે. નમો લક્ષ્મી યોજનાની જોગવાઈ મુજબ વિદ્યાર્થીની ધોરણ ૧૦ પાસ કરે તો તેને રૂ. ૧૦,૦૦૦/- ની સહાય અને ધોરણ ૧૨ પાસ કરે તો રૂ. ૧૫,૦૦૦/- ની સહાય તેમજ નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનાની જોગવાઈ મુજબ વિદ્યાર્થી/વિદ્યાર્થીની ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પાસ કરે તો તેમને રૂ. ૫,૦૦૦/- ની સહાય આપવા નિયત થયેલ છે.

નમો લક્ષ્મી – નમો સરસ્વતી યોજના (શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬) અંતર્ગત ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓના પરિણામની ખરાઈ કરવાના હેતુથી Student Identity Number (SID No.) ની ડેટા એન્ટ્રી કામગીરી CTS પોર્ટલમાં તા.૦૧-૦૬-૨૦૨૬ ના રોજ કાર્યરત કરવામાં આવેલ છે.

આથી, આપના જિલ્લાની તાબા હેઠળની તમામ શાળાઓમાં ધોરણ ૧૦ અને ૧૨ ના દરેક વિદ્યાર્થીની SID No. સંબંધિત ડેટા એન્ટ્રી આગામી ૭ દિવસમાં(૦૭-૦૬-૨૬) ફરજિયાત પૂર્ણ કરવામાં આવે તે મુજબની આપની કક્ષાએથી આ યોજનાઓ અંગે કામગીરી સંભાળતા આપના જિલ્લાના તમામ નોડલ અધિકારીઓને સૂચના આપવા જણાવવામાં આવે છે.

ખાસ નોંધ:

- તમામ વિદ્યાર્થીઓની માહિતી ચોકસાઈપૂર્વક દાખલ કરી નિયત સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરશો.
- સમયમર્યાદા બાદ બાકી રહેતી એન્ટ્રીઓ માટે સંબંધિત શાળા તથા જવાબદાર અધિકારીની જવાબદારી નક્કી કરવામાં આવશે.

નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર